દરેક દેશભકતને વાંચવા લાયક

સુરતની સફર.

યાને

લાલ, બાલના સુરતમાં પધરામણીના ગરબા.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શા. મોહનલાલ ચુનીલાલ ચુણેલવાળા

સંવત ૧૯૬૪.

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

કીંમત ફક્ત ચાર પૈ.

સુરતની સફર.

વંન્દેવંન્દે તું માતરમ અમારીરે—રાહ

નમુનમુ હું ગણુપતિ દેવારે—(૨)
પ્રથમ પેહલી થાયછે તમ સેવારે—નમુંનમું
સુખ સાંન્તિ આપો કૈલાશના પતિ
નમીનમી વિનંતી કરે દેશીઓ અતિ—નમું
નમીનમી વિનવું ઉમીયા પતિ આજ
ભુલચુક માફ કરો સુધારોને કાજ
નમુંનમું હું ગણુપતી દેવારે—(૨)

---

૨ રાગ લાવણી.

છે સુરત સોખીન શેહેર ઘણું બહુ સારૂં
સૌ સુરતીલાલા કહેવાય દુઃખ કરે ન્યારૂં ૧
વળી લાહોરના લાલા એક છે લજપતરાય
છે દેશભકત સુરવીર ઘણો મહીમાય ૨
થઇ તેવીસમી કાંગ્રેસ પધાર્યા પોતે
લાવ્યા સાથે તીલક મહારાજ દીવાની જયોતે ૩

આવ્યા હુતા બંને વિર હિંદમાં ભાવ્યા
ત્રીલોકી જેવા નામ બીપીનને લાવ્યા ૪
એમ માને બંગાળા લોક નમે સૌ આજે
ધન્યધન્ય ત્રણેની દેહ ધરી પરકાજે ૫
પરમારથ કાજે કાયધરી જેણે આજે
દત્ત, દાદાભાઇ જેવા રાજમાં છાજે ૬
જેમ સુરવીરમાં સુરવિર પાન્ડુ કેહેવાયા
તેમ ખરે કળીયુગમાં આજ પાંચ ગણાયા ૭
માટે કરો સહાયતા આજ વિભુ જાઉં વારી
તમ વિન નહિ કોઇ આસ જાઉં બલીહારી ૮

---

૩ રાગ બનજારાનો.

ધન્ય ધન્યછે પાંચ વિરા એ પ્રગટયા જગતમાં હીરા
ધન્યધન્ય તમારી જાતે
ધન્યમાત અને તમ તાતે
પ્રગટયા છો કુળમાં હીરા—ધન્યધન્ય
તમે ખરે દેશની દાઝે
નહીં કરો ઘરનું કામ કાજે
તમે મચી રહ્યા રણ ધીરા—ધન્યધન્ય

સઉ દેશમાં આ શીશ દેસે
થયા પ્રખ્યાત દેશ વિદેશે
છો ગુણવંતને ગંભીરા —ધન્યધન્ય
પરમારથ માથે લીધું
જાણે અભય દાનતો દીધું
એમ ગુણ ગાસે ગુણી વિરા—ધન્યધન્ય
પરમાટે કાય ધરીને
રણની રણ માળ વરીને
તમે ચાહો દેસ સુભ વિરા—ધન્ય
રહો નામ અમર તમ આજે
જુગ જુગ કરો સુતી કાજે
એવા પ્રગટ રણ ધીરા —ધન્ય
નામને એક કિરતી રહેશે
કાયા તો ભલે જતી રહેશે
પણ ગણાસે દુનીયામાં હીરા—ધન્ય
જે કરશે તે પરમારથ કાજે
તેને મળશે સ્વર્ગનું રાજે
એમ લીલોકી કહે જગધીરા—ધન્ય

૪ રાગ માલનીવૃત

સુખી સર્વ થાઓ દેશના હિંદી ભકત
અવીચળ પદપામો દે આશીસ જગત

સરળ સુખ દેજો વિભુ ઠામે ઠામે
જેથી સર્વ દુઃખડાં હિન્દનાં ઝટ વામે
અપાર પાર માયા છે અકળીત તારી
છે ધન્ય જગકર્તા તાહુરી બળીહારી
નમી નમી કહે છે દાસ મોહન આજે
કરો સુભ કામો હિંદીમાં જેમ છાજે

---

૫ રાગ હરીગીત છંદ

વંદે આર્ય ભુમીને તમે હીત ચાહો દેશના
દેઇ બોધ મુર્ખા જંનને પ્રખ્યાત થાવ વિદેશમાં
આ હિંદના સુપુત્ર થવા કાર્ય કરજો હીતથી
તઇયાર તતખર તર્ત થાઓ ચોખા ચિતે પ્રીતથી
રમ્ય ભુમીને છાપ મારો સ્વદેશા ભીમાનની
મમતાં માહે નહિ મારો આશીશ ધરજો જ્ઞાનની

૬ રાગ ઉપરનો

સુધરી જવાના સાધનમાં મુખ્ય વસ્તુ આટલી
ઘડીયાળ ચસમાં બુટકર છત્રી છડી કે બાટલી
ઉતમ ગણાંતાં એજ કેળવણી તણાં ફળ થાય છે.
શીવ, શીવ, અરે કોને ખબર સુદેશમાંથી જાય છે

---

૭ રાગ નવીન સાંભળેલો તારા સુંદરી

રે બોલો વિજય વિજ્ય એવા એવા રણધીરના રે (૨)
સ્વારથને અધવચ લટકાવે
પરમારથે પુરા પ્રાણ તણખલા તુલ્ય સમજશે
એવા સુરાનો થાશે ગવાશે છવાસે ઉદય (૨)
નેકી ટેકી સુર વિરના રે (૨)

સાખી

પુષ્પ ખીલી કરમાય છે કરમાતાં વાસ ઉડી જશે
પણ સુરા રણધીરની વાસ કિર્તિ અમર થશે —રે

સમાપ્ત.

છપાય છે!   છપાય છે!

ભક્ત મણિ કાવ્ય

થોડા દિવસમાં છપાઇ બહાર પડશે.

પ્રગટ કરનાર

શા૦ મોહનલાલ ચુનીલાલ ચુણેલવાળા.

